Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

ઘંટા નાદ વગાડતાં, ખરરર થાય આકાશ;
તેમ ભૂતળ ગજાવતું, પ્રગટયું જૈનપ્રકાશ.

પુસ્તક ૮ મું. શક ૧૮૧૪ ચૈત્ર શુદિ ૧૫ સંવત ૧૯૪૮ અંક ૧ લો.

# श्री महावीर जिन स्तुति.

**"મારે આજની ઘડીરે રળીયામણીજો"—એ રાહ-**

મહાવીરને નમીએ નવા વર્ષમાં જો.
ધરી ધ્યાન તેનું ગાન ગાઈએ હર્ષમાં જો—એ ટેક.
જેણે અમલ અધિક આત્મ બોધને ધર્યો જો
અતુળ અચળ ચિત્તથી અનંગને હર્યો જો— મહાવીર. ૧
જેણે ધર્મરંગ ધરી સંગને હર્યો જો;
પંચ મહાવ્રતનો પ્રસંગ આચર્યો જો.— મહાવીર. ૨
રંક રાજમાં સમાન દૃષ્ટિ જે કરે જો.
દયા દિલમાં દયાળુ નાથ જે ધરે જો.— મહાવીરને. ૩
અખંડ આત્મબોધમાં રહ્યા આનંદમાં જો.
અપાર ઓપતા અતિશયે અમંદમાં જો.— મહાવીરને. ૪
અશેષ જે કરે સુરેશ ગાન જેહનું જો,
ધરેશ સૌ જપે ધરા[illegible] જો. મહાવીરને. ૫
અમોઘ જ્ઞાન બોધથી [illegible] જો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસાર છોડીને સુસાર જે સદા ગ્રહે જો. મહાવીરને. ૬
કલ્પમંડનો ધરી રહ્યા સુમંડિતા જો,
અંતરો રિપુ હરી થયા સુપંડિતા જો.— મહાવીરને. ૭
કઠોર કર્મ કરી કેશરી પ્રભુ થયા જો,
મુક્તિ સુંદરી વિલાસ નર્મ દૈ રહ્યા જો.— મહાવીરને. ૮

( વૈતાળીયછંદ )

જયમંગળ કારિ ઈશ્વરા, વિભુ વિદ્યાગુણ ધારિ ધીશ્વરા.
અઘ ઓઘ[1] બધા વિદારજો, નવ આ વર્ષ સુખે પ્રસારજો. ૧
જય હે મદમાન વર્જિતા, પદવી આર્હતકેરી અર્જિતા;
પ્રભુ વિઘ્ન સદા નિવારજો, નવ આવર્ષ સુખે પ્રસારજો. ૨
જન સૌ નિજ કર્મ પંકમાં, પડિઆ રે અતિમોહ અંકમાં[2];
વિભુ તે જનને ઉધારજો, નવ આવર્ષ સુખે પ્રસારજો. ૩
પ્રભુ છો જન મુક્તિ દાયકા, સુખકારી નિજ ધર્મ નાયકા;
કુમતિ મતિ તે સુધારજો, નવ આવર્ષ સુખે પ્રસારજો. ૪

( ત્રોટક )

ગત વર્ષ ગયું સુખમાં જનને, અતિ હર્ષદ સ્નેહ થયું મનને;
બહુ ભક્તિ કરી બહુ ભક્તજને, અતિ પૂજનથી ભજિઆ જીનને. ૧
બહુ દેશવિદેશ ફરી સુજને, કરી આશુભ તીરથ શુદ્ધ મને;
ધન ધર્મ વિષે ખરચી સુરચી, ભવનાશક ભક્તિ વિભુ અરચી[3]. ૨
અતિ ઉત્સવ દેશ વિશેષ થયા, જનના અઘ લેશ ન શેષ રહ્યા;
પ્રસરો તિમ આ નવવર્ષ સદા, સુખ શાંતિ રહો નહીં દુઃખ કદા. ૩

( સ્રગ્ધરા )

પાળી પોષી વધાર્યું મુનિ[4]મિત વરષે ગ્રાહકોએ મને સૌ;
સેવા તેવી બજાવી સુખકર વિષયો આપી મેં ભાવથી બૌ;
પેસું હું અષ્ટ વર્ષે અધિક મુદ ધરી આજ પામી વિકાશ;
થાજો સાહાયકારી વિનતિ કરી કહે "જૈનધર્મપ્રકાશ" ૧

---

૧ સમૂહ. ૨ મોહની સમીપમાં, ૩ પૂજી. ૪ મુનિ—એટલે સાત,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નવું વર્ષ.

એઓના મંગળમય, પવિત્ર અને આનંદકારી દિવસોમાં મારૂં સાતમું વર્ષ પૂર્ણ થઈ આઠમા વર્ષનો આરંભ થાય છે. સિદ્ધચક્રના પસાયથી ગત વર્ષ નિર્વિઘ્ને પસાર થયું છે અને આવતું વર્ષ તેવીજ રીતે સુખચેનમાં નિર્ગમન થાય એવી આશા રાખું છું. ઊંમરની વૃદ્ધિના પ્રમાણમાં નવી નવી શક્તિઓ પ્રકટ થાય, વિચારો સુધારતા જાય. નવનવા કાર્યો કરવાની ઊત્કંઠાનો ઊદય થતો જાય અને તે અનુસારે શુભ કાર્યો કરવામાં સર્વ પ્રકારે અધિક બળ ઊત્પન્ન થાય. પરંતુ એ સર્વે કાર્યો પરમાત્માની પૂર્ણ કૃપા અને ભાવીતવ્યતાની અનુકૂળતા હોય તોજ બને. મને જન્મ આપનાર, પાળનાર અને પોષણ કરનારની મારી ઉપર પૂર્ણ કૃપા છે એજ પરમાત્માની કૃપા અને ભવીતવ્યતાની અનુકુળતા જાણું છું. તો પણ સંબંધ વગરના અન્ય જૈન ભાઇઓ મારા ગુણમાં આસક્ત થઈ મદદ કરે તો હું બીજા કેટલા કામો કરી શકું તે કહેવાય નહિ. કારણ કે મને જન્મ આપનારાઓનો અને મારો જે શુભ ઊદ્દેશ છે તેનું આ હજી પ્રથમ પગલું છે. ભવીતવ્યતાને યોગે સર્વ સાધનની અનુકૂળતા થાય તો ધારેલા કાર્યો પાર પાડી મારૂં નામ અને જીવિત સફળ કરી સર્વેને સંતોષ પમાડીશ. મારી જેમ બીજા મારા ઘણા ભાઇઓ જન્મ ધારણ કરે છે પણ તેઓ સઘળાની સરખી સ્થિતિ રહેતી નથી. મારી માતાની મહેરબાનીથી હું તો નબળી સ્થિતિમાં આવી પડું એવા કોઈ પણ પ્રસંગનો જોગ થઈ પડેલ નથી એ મારે અને મારા ગ્રાહકોને સર્વેને હર્ષ પામવા જેવું છે.

નિરંતર ખેદની વાત એટલીજ છે કે આજ કાલ જૈનબંધુઓમાં એવી ઊલટી પ્રવૃત્તિ થઈ છે કે તેઓમાંનો મોટો ભાગ જ્ઞાનની ઉપાસના તજી દઈ બીજી અનેક ઉપાસનાઓમાં અથડાય છે. સરસ્વતીજ સર્વ ફળની દાતા છે એ તેઓ જાણતા નથી. વિદ્યાથીજ માણસના વિચારો સુધરે છે તથા સદાચાર, સદ્ગુણ, સન્નીતિ અને સદ્વ્યવહાર પ્રકટ થાય છે એ તેઓ ભૂલી ગયા છે. લક્ષ્મી, સંપત્તિ, સુખ, ઊત્તમ ગતિ અને મોક્ષ એ સર્વનું મુખ્ય સાધન જ્ઞાનજ છે એવા સર્વજ્ઞના વચન ઉપર તેઓની શ્રદ્ધાજ નથી. વિદ્યાની સાથે જાણે પરાપૂર્વનું વેર હોય એમ કેટલાએક વર્ત્તે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવાહાદિ કાર્યોમાં લાખો રૂપીઆ ખરચાય છે પણ વિદ્યા વૃદ્ધિના કાર્યમાં એક પાઇ પણ ખરચવાની હોંશ થતી નથી. શાસ્ત્ર વિરૂદ્ધ દહાડા વગેરે કરવામાં તેઓ આનંદ માને છે પણ તેવા પૈસા જ્ઞાનના ઉત્તેજનમાં ખરચવામાં આનંદ માનતા નથી. ધર્મ કાર્યોમાં થોડા ઘણા વાપરે છે તો તે નોકારશી વગેરે કીર્તિ મળે તેવા કાર્યોમાં વાપરવાની ઉત્કંઠા ધરાવે છે પણ જ્ઞાનનો ફેલાવો કે જ્ઞાનના ભંડારો કરવામાં ઉત્કંઠા ધરાવતા નથી. જમણવારમાં એક વર્ષે જેટલા રૂપીયા ખરચાય છે તેનો ચોથો ભાગ જીંદગીના ભવીષ્યનો આધાર, થતી પ્રજાને સુધારવાનું સાધન અને પરિણામે કલ્યાણજ કરનાર જ્ઞાનને માટે ખરચાતો નથી. હજારો જૈન પુસ્તકો ઊંચી ખાતા જ્યાંના ત્યાં પડ્યા છે, પૂર્વાચાર્યોએ આપણા હિતને માટે કરેલી મહેનત વ્યર્થ જાય છે અને જ્ઞાન વગર ઘણા જૈનભાઇઓ પશુ જેવી સ્થિતિ ભોગવે છે એ સર્વ જાણીને હૃદય બળી જાય છે, મન મુંઝાઇ જાય છે, અને અનેક પ્રકારના સંકલ્પ થયા કરે છે! પરંતુ એમાં એકલાથી શું થાય! હું અને મારા સંપાદકો ઘણો પોકાર પાડીએ છીએ પણ એ નગારામાં તુતીના અવાજ જેવું છે. ઉત્તમ મુનિ મહારાજાઓ એ વિશે ઉપદેશ આપી આપીને થાકી જાય છે પણ તેની અસર થતીજ નથી. જૈનકોમના મુઠી ભર વિદ્વાનો એ વિષયે ચરચા ચલાવે છે તો તેઓનું કોઇ સાંભળતુંજ નથી. વિદ્યાના દ્વેષી કેટલાકો તો મારા આવા પોકારથી મારી ઉપર કટાક્ષ દ્રષ્ટિથી જૂએ છે. પણ અકળાયે શું થાય! આપણો શુભ હેતુ છે, શુભ ઉદ્દેશ છે, જૈનબંધુઓની ચડતી સ્થિતિ થાય તેવું કરવાનો આપણો પ્રયત્ન છે અને તે સાથે આપણી નિષ્પક્ષપાત બુદ્ધિ છે એમ ધારી એવા અજ્ઞાનીઓની કાંઇ પણ પરવા ન કરતા આપણું કામ બજાવ્યા કરીએ છીએ અને સર્વજ્ઞ ભગવંત તથા મુનિ મહારાજાની કૃપાથી તેમાં ધીમે ધીમે થોડે કે ઘણે અંશે ફળીભૂત થશું એવી આશા રાખીએ છીએ.

પરંતુ આટલેથીજ હદ નથી. એ સર્વેનો અજ્ઞાન માણસની વાત છે પણ કેટલાક કહેવાતા વિદ્વાનો પણ પોતાની તુચ્છ બુદ્ધિને લીધે મારૂં અહિત ચહાય છે, મારો નાશ થાય એવા ઉપાય રચે છે અને લોકોની નજરમાં હું હલકું જણાઊં એવા પ્રયત્નો કરે છે પણ તેથી મને કાંઇ પણ હા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિ ન થતા તેઓનીજ આંખમાં ધૂળ પડે છે. મને ઉછેરનારાઓએ થોડોજ સ્વાર્થનો વ્યાપાર માંડયો છે કે મને હાનિ થાય. જેઓ પેટને માટે, દ્રવ્યને માટે કે કીર્તિને માટે ઢોંગ કરી કરીને મોટી મોટી બડાઇઓ કરે એને કદાચ હાનિ થાય, એના કૃત્ય નિષ્ફળ જાય એની સ્થિતિ ઊંચી વળે તો તે વાસ્તવિક પણ મારેતો તેમાંનું કાંઇ નથી; કેવળ જ્ઞાનની વૃદ્ધિ, ધર્મનો પ્રકાશ અને જૈનબંધુઓની ઊત્તમ સ્થિતિ થવાને માટેજ મારૂં જીવિત છે તો મને હાનિ થવાનો સંભવજ નથી.

તો પણ જૈનકોમમાં એવાએ ગૃહસ્થો પડયા છે કે જેઓ જ્ઞાનની વૃદ્ધિ કરવામાં ઉત્સાહ ધરાવે છે, તેવા કાર્યોમાં પોતાની ઉદારતા જણાવે છે અને મારી જેવાને ખરા દીલથી સહાય આપી સર્વ પ્રકારની મદદ કરે છે. અગર જો કે ગ્રાહક થઇ મને મદદ કરનારાઓ માંહેના કેટલાએકો આળસથી, ભૂલથી કે પોતાના એવા લાસડીઆ સ્વભાવથી મારૂં લવાજમ મોકલવામાં ઢીલ કરે છે પરંતુ તેને માટે અડચણ નથી. જેઓ જાણે છે કે આ જ્ઞાન વૃદ્ધિનું કામ છે, આનો વધારો સારે માર્ગે વપરાય છે, અને એમ ધારી; નિરંતર મદદ આપ્યા કરે છે તેઓ વહેલું મોડું પણ લવાજમ મોકલશેજ. નહિ દરકાર કરનારા કરતા તેઓ રૂડા છે. મફત વાંચીને પણ લાભ મેળવશે તો ઘણું છે. સર્વજ્ઞ પાસે નિરંતર યાચના કરૂં છું કે ગ્રાહક થઇ મને મદદ કરનારા અને બીજા જ્ઞાન વૃદ્ધિના દરેક કાર્યમાં સહાય કરનારાઓનું સર્વદા કલ્યાણ થાઓ અને હમેશાં એની ચઢતી સ્થિતિ થયા કરો જેથી એવા શુભ કામમાં મદદ કરવાને અધિક ઊત્સાહવાળા થાય.

વિષય સંબંધે તો મારાથી બને તેટલી સેવા કરવા તત્પર રહું છું. સંબોધ સિત્તરી જે એક અમૂલ્ય પ્રકરણ છે તે વિષય ચાલુજ છે. જૈન પંડિતો સંસ્કૃત કાવ્ય કોષ વ્યાકરણ વગેરે દરેક બાબતના ગ્રંથો રચી ગયા છે પણ તે સંબંધી હાલમાં આપણામાં કોઇને પણ આકાંક્ષા નથી તેથી તેવા ગ્રંથોની થોડી ઘણી આકાંક્ષા ઉત્પન્ન થવાને માટે નેમિદૂતકાવ્ય મૂળ અને સમશ્લોકી ભાષાંતર સાથે દાખલ કરવા માંડયું છે. રસીકતાને માટે કથા વિષયતો હમેશાં એક હોય છેજ. બીજા બોધકારક વિષયો પણ પ્રસંગે પ્રસંગે આપ્યા કરૂં છું. શિવાય કોઇ તીર્થ સંબંધી અથવા બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ ધર્મકાર્ય સંબંધી સત્ય ચરચા પત્રો આવે છે તે પણ દાખલ કરૂં છું. પછી તેમાંથી કોઈને ખરૂં લાગે યા ખોટું લાગે તેની આપણે દરકાર કરતા નથી. હમણાજ ગીરનાર તીર્થજી સંબંધી ગીરનાર ગર્જના નામે ચરચાપત્ર દાખલ કર્યું હતું. તે ઉપરથી કોઈ ઈર્ષાલુ માણસે દેખરેખ રાખનારાના દિલમાં મારે વિષે ખોટું લગાડવાનો પ્રયત્ન કર્યો હતો પણ આપણે કાંઈ તેમાં પક્ષપાત હતો નહિ. દેખરેખ રાખનાર સંબંધી ચરચાપત્રીનું અથવા મારૂં બોલવું હતુંજ નહિ. જે પોતાનો અમૂલ્ય વખત રોકી દેખરેખ રાખે છે તેની તો બલિહારીછે પણ તેમાં ખોડ અને ખામી સર્વે નોકર આકરનીજ બતાવી હતી. અને તે પણ મારા સંપાદકો પોતે નજરે જોઈ આવ્યા હતા એટલેજ મેં ગ્રહણ કર્યું હતું, નહિ તો ફોકટ કોઈને ખોટું લગાડવાનો મારો હેતુજ નથી. અસ્તુ કોઇને સારૂ લાગો યા નરસુ લાગો એની આપણે પરવા નથી પરંતુ આપણે તો જે સત્ય હશે તે જણાવ્યાજ જશું. હવેના વર્ષમાં પણ એવીજ રીતે આપની સેવા બજાવ્યા કરીશ, તમે પણ જેવી મદદ આપોછો તેવી આપ્યાં કરજો. સર્વજ્ઞ ભગવંતની સ્તુતિ કરી આપણો આ નવા વર્ષનો નવો સંબંધ ફરી તેવીજ હોંશથી ચાલુ કરૂં છું. તેમાં તે પરમાત્મા મારૂં અને તમારૂં સૌનું કલ્યાણ કરો.!!

તથાસ્તુ.

# कमलसेन.

## ( સાંધણ પુ. ૭ માને પાને ૧૫૫ થી )

હવે ત્રીજી **ઋદ્ધિસુંદરીના** સબંધમાં એવું બન્યું કે—તે સમયે **તામલિપ્તપુરના** રહેનાર **શ્રીદત્ત** નામે વણિકનો, જીનધર્મવાસિત અંતઃકરણવાળો **સુધર્મ** નામે પુત્ર સાકેતપુરે વ્યાપાર કરવાને આવ્યો હતો. તેણે એક દિવસ સખીઓ સાથે રાજમાર્ગમાં જતી **ઋદ્ધિસુંદરીને** જોઇ. તેણીને અતિશય રૂપવતી જોઈ મનમાં વિચાર્યું કે આ અસાર અને સુખવર્જિત સંસાર સમુદ્રમાં લક્ષ્મીની જેમ આ હરિણાક્ષીજ સારભૂત છે. જો એની સાથે દૈવયોગે મારો વિવાહ થાય તો ભોગ સર્વે સુખના વિસ્તારવાળા ગણાય નહિતો રોગ સમાન ગણાય. એમ ચિંતવતા વારી રાખ્યા છતાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાન્યના ક્ષેત્રને વિષે જેમ ગાય પડે તેમ તેની ઉપર તેની દ્રષ્ટિ પડી. વિવિધ પ્રકારની ક્રીડા અને કુતુહલ જોવામાં વ્યગ્ર એવી ઋદ્ધિસુંદરીએ પણ સુધર્મ ઉપર પોતાની દ્રષ્ટિ સ્થાપન કરી–એમ એ બંનેને પરસ્પર રક્ત થયેલ જોઇ સખીએ કહ્યું–'સર્વ જનોની સમક્ષ આપણી સ્વામિનીના હૃદયને ચોરનારો આ પુરૂષ ખરેખરો ચોર છે.'

બીજી બોલી—'સખી! એ વણિક્ દાતા પણ જણાય છે; કારણ કે તેણે સહજ માત્રમાં પોતાના ચિત્તરૂપી દ્રવ્ય સ્વામિનીને અર્પણ કર્યું.

ત્રીજીએ કહ્યું—એ રાંક છે. કારણ કે કામના તીક્ષ્ણ બાણથી હણાયેલો તે જીવિતનો અર્થી થઇને સંજીવિની રૂપ સ્વામીનીને આશ્રયે આવેલો છે.

પોતાના મનની ચેષ્ટા સખીઓ જાણી ગઇ એમ સમજી વિલક્ષ થયેલી **ઋદ્ધિસુંદરી** બોલી—એ વાતે સર્યું. હવે આપણે આગળ ચાલો. તેવામાં **સુધર્મ**ને સ્વભાવથી છીંક આવી અને પ્રાંતે તે **नमोजिनेंद्रेभ्यः** એ વાકય તે બોલ્યો. તે સાંભળી **ઋદ્ધિસુંદરી**નું મન અત્યંત ઉલ્લાસ પામ્યું. મનમાં બોલી કે આ જૈનધર્મી જણાય છે. જગતને વિષે એ ચિરંજીવો.

આ સર્વ વૃતાંત સાંભળીને **સુમિત્ર** વ્યવહારી પરિજન સમીપે ભવ્ય જીવની જેમ **સુધર્મ**નું વિજ્ઞાન અને ધર્મ સ્વરૂપ પુછવા લાગ્યો. ચૈત્ય પૂજાના રસને વિષે તેની એકતા જાણીને અત્યંત હર્ષ પામ્યો અને તેજ સમયે પોતે તેના આવાસે જઈને **ઋદ્ધિસુંદરીનો** તેની સાથે વિવાહ કર્યો. સુમુહુર્ત્ત આવ્યે મોટા આડંબરથી લગ્ન કર્યું. ઘણા કુલવાન રૂપવાન અને કલાવાન્ જનોએ તેને માટે પ્રથમ યાચના કરેલી પણ તેઓને મિથ્યાત્વી જાણી જેણે પૂર્વે પોતાની કન્યા કોઈને પણ આપી ન હતી તે, જિનેશ્વર ધર્મના તત્વને જાણનાર **સુધર્મ**ને પ્રાર્થના કર્યા વિનાજ પ્રાપ્ત થઇ. ખરે અર્હન્મતને વિષે દ્રઢ શ્રદ્ધાથી રહેનારા મનુષ્યો પ્રાર્થના કર્યા શિવાય પગલે પગલે લાભ મેળવે છે!

વિવાહ વીત્યા પછી સિદ્ધ મનોરથવાળો **ધર્મ** પોતાનું કાર્ય પૂર્ણ કરી પ્રિયાને સાથે લઇ તામલિપ્તિ નગરે આવ્યો. અભિન્ન ચિત્ત અને સ્વભાવવાળા તે દંપતિને એવો પ્રેમ થયો કે નિમેશ માત્ર પણ એક બીજાના વિયોગને સહન કરી શકે નહિ. ત્યાં ઘણા દિવસ સુખભોગ ભોગવ્યા પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક દિવસ સુધર્મ દ્રવ્ય પ્રાપ્તિને માટે કરિયાણાના વહાણે ભરી પ્રિયા સહિત સમુદ્રમાં ચાલ્યો. કેટલેક દૂર ગયા પછી દૂર્દૈવના યોગથી દૂર્દિન થયો. સમુદ્રના કલ્લોલ ઉછાળા મારવા લાગ્યા. ભયંકર પવન વાવા લાગ્યો. સેવક પુરૂષોએ સમુદ્રને તોફાની જોઈ નાંગરનું અવલંબન કર્યું, સિતપટ સંકોચ્યા અને પોત પોતાના દેવની સ્તુતિ કરવા માંડી. તે દંપતીએ મરણાંત કષ્ટ સમીપ આવ્યું જાણી સાગારી અનશન ગ્રહણ કર્યું અને ધર્મ ધ્યાન કરતા બેઠા. એવામાં તો જાણે વહાણ ચક્રથી આવિષ્ટ થયેલું હોય તેમ જરાવાર જળમાં ઉંચું ભમીને, કુયુવતિના ચિત્તને વિષે સ્થાપન કરેલા ગુહ્યની જેમ સ્ફુટ થયું. તે સમયે પાણીમાં વારંવાર ઉંચે નીચે જનાર તેઓને દૈવયોગે પાટીઉં હાથ આવ્યું. તેના યોગથી ત્રણ ચાર દિવસે તેઓ સમુદ્રતટે કોઈ જગ્યાએ નીકળ્યા. બંને મળ્યા જાણી અત્યંત હર્ષ પામ્યા, પરંતુ પોતાની પ્રાણ પ્રિયાને વિપત્તિમાં આવી પડેલી જોઈ ધર્મ ખેદ પામ્યો. તે વારે ઋદ્ધિસુંદરી બોલી—સ્વામિન્! મનમાં ખેદ શું ધરો છો. આ સંસાર સમુદ્રમાં વિપત્તિ તો સુલભ છે પરંતુ ધર્મ દુર્લભ છે. માટે જિન ધર્મના તત્વને જાણનારા મનુષ્યોએ સંપત્તિમાં પ્રમોદ ન કરવો અને વિપત્તિમાં ખેદ ન કરવો. કારણ કે પ્રાણિને પૂર્વના પુણ્ય પાપના યોગ પ્રમાણે સુખ દુઃખ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે—

सुख दुःखेच भोक्तव्ये धीरैर्वा कातरै र्नरै ।
भवितव्यं ततो धीरै रुत्तमैः साहसान्वितैः ॥

ધીર અને કાતર બંને પ્રકારના મનુષ્યોને સુખ દુઃખતો ભોગવવુંજ પડે છે. માટે ધીર અને ઉત્તમ પુરૂષોએ સાહસિક થઇને તે સહન કરવું. માટે આપણે દુઃખના વખતમાં શોચ ન કરતાં ધીરજ ધરવી એજ શ્રેષ્ટ છે અને સુખના વખતમાં શાંત સ્વભાવ રાખી પુણ્યારાધનમાં તત્પર થવું એજ શ્રેષ્ટ છે.

એમ દુઃખના સમયમાં એક બીજાને ધૈર્ય આપી દુઃખમાં પણ સુખ માનનાર અને શ્રાદ્ધ ધર્મમાં દ્રઢ ચિત્ત રાખનાર તે પ્રેમી દંપતિ તે સ્થળે વહાણ ભાગ્યાનું ચિન્હ સ્થાપન કરી, ફળ ફળાદીથી નિર્વાહ કરતા ત્યાં રહ્યા. એક દિવસ તે માર્ગે થઇને જનાર વહાણના મનુષ્યોએ તે ચિન્હ જોયું. તરતજ કાંઠે માણસ મોકલીને કહેવરાવ્યું કે 'સુલોચન નામે સાર્થવાહ જંબુદ્વીપ પ્રત્યે જાય છે. જો તમારી ઈચ્છા અમારી સાથે આવવાની હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો વહાણુ ઉપર ચાલો.'

એવું સાંભળી તે સુખી દંપતિ નાવડીમાં બેઠા અને શ્રેષ્ટીએ તેઓને હર્ષથી વહાણપર લીધા અને સારી રીતે સન્માન આપી બેસાર્યા અનુક્રમે ઘણા દિવસ વહાણુમાં નિર્ગમન થયા પછી **ઋદ્ધિસુંદરીને** જોઇ કામાતુર થયેલા **સુલોચન** શ્રેષ્ટીની દ્રષ્ટિ ફરી મનમાં વિચારવા લાગ્યો કે–'અહો! વિધિએ ઘણા કાળથી એકત્ર કરેલ વિજ્ઞાન આ સુલોચનાને બનાવી પ્રકટ કર્યું છે! જો ઉત્કંઠા પૂર્વક તે મારા કંઠનું આલિંગન કરે નહિ તો આ જીવિત, યૌવન, રૂપ અને ધન એ સર્વે નિરર્થક છે. પરંતુ એ પોતાના પતિને મુકીને અન્ય પુરૂષને ઈચ્છે એવી નથી માટે કાંઈક ઉપાય કર્યા શિવાય કાર્ય સિદ્ધિ નહિ થાય.' એ રીતે [1]અનલ્પના સંકલ્પરૂપી સર્પ ડશેલો અને દુષ્ટ હૃદયવાળો તે દૂર ભવ્યની જેમ સુધર્મને ઘાત કરવા તત્પર થયો. એક દિવસ સર્વ પરિજન વર્ગ સુઇ રહ્યા પછી પોતે તેજ વિચારમાં જાગતો હતો તેવામાં મધ્યરાત્રે સુધર્મ લઘુ શંકાર્થે ઉઠયો. તે વારે સુલોચને ઉઠી તેને પાછળથી ધક્કો મારી સમુદ્રમાં નાખી દીધો.

આહા! માણુસ પોતાની દુષ્ટ વાસનાની સિદ્ધિ માટે શું શું અકાર્ય કરે છે. પોતાની ઈચ્છાઓ તેમ કરવાથી પાર પડશે કે નહિ તેનો વિચાર કર્યા વિનાજ તેઓ અઘોર પાપ કર્મમાં પ્રવૃત્ત થાય છે. સુલોચન શેઠે તેવીજ રીતે કામાંધ થઇને આ મહા અધર્મ આચર્યો! તેણે સુધર્મને સમુદ્રમાં નાખીને પરસ્ત્રીની લોલતાથી પોતાના આત્માને ભવસમુદ્રમાં ડુબાડયો. તેનું હૃદય ધડકવા લાગ્યું, પોતાના અઘોર કૃત્યથી પણ થોડી વાર મનમાં હર્ષ વર્ષો, હવે પોતાની ઈચ્છા ફળીભૂત થશે એવા વિતર્ક કરવા માંડ્યા અને પોતાનું દુષ્કૃત્ય ગુપ્ત રાખવાને બોલ્યા ચાલ્યા શિવાય સુઇ રહ્યો.

પ્રભાતે પોતાના ભર્તારને ન જોવાથી ઋષિ સુંદરિના મનમાં ત્રાસ પડયો. કાંઇ અમંગળ થયું છે એવી કલ્પના મનમાં ઊઠી આવવાથી મુર્છા પામી. સચેતન થયે હવે શું કરવું એ વિચારમાં લીન થઈ કરૂણસ્વરે રૂદન કરવા માંડયું. તેવારે સુલોચને પાસે આવી ઋદ્ધિસુંદરીને ધીરજ આપવા માંડી. વળી કહ્યું કે–હે સુંદરિ! તારો નાથ ગયો તેથી તું ચિંતા ન કર. બનવાનું હતું તે બની ચુકયું માટે તેનો અપશોસ ન કરવો. ગયેલી

---

૧ કામદેવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાતને ભૂલી જવું એ સંસારમાં રહેનારાનો નિયમ છે હવે હું તારો નાથ થઈશ. મારૂં ઉપાર્જન કરેલું આ સર્વ દ્રવ્ય તારૂંજ છે. જે દૈવે બનાવ્યું તેને માટે ખેદ ન કરવો અને સંતોષ પ્રાપ્ત થવાના નવા ઉપાય કરવા. હું તારૂં દાસપણું અંગીકાર કરીને નિવૃત્તિ પમાડીશ. વધારે શું કહું પણ તું જે આજ્ઞા કરીશ તે સર્વે હું મસ્તકે ચડાવીશ.

એવા તેના પાપમય વચનો સાંભળી વિચક્ષણ સુંદરી વિચારવા લાગી કે અહો! આ અનર્થકારી રૂપને ધિક્કાર પડો. મારા આવા રૂપથી મારે વિષે રક્ત થઇ આ દુષ્ટે મારા પતિને સમુદ્રને વિષે નાંખ્યો. રાગ ગ્રહથી ગ્રસ્ત મનુષ્ય કાર્યાકાર્યનો વિચાર કરતાજ નથી. હવે શીલ રક્ષાર્થે હું પણ સમુદ્રમાં પડું. કારણ કે તે પતિવિના આ જીવિત શા કામનું. પતિરહિત કુલ સ્ત્રીઓને મરણ એજ શરણ છે. અથવા જિનશાસનને વિષે એવા બાલ મરણનો નિષેધ કર્યો છે. કારણ કે જીવતો મનુષ્ય ધર્માચરણ કરી પોતાના પાપનો ક્ષય કરી શકે છે. કદાચ જીવતાને કોઈ વખત કલ્યાણકારી સમય આવે છે. વિયોગી ઇષ્ટજનનો સંયોગ પણ થાય છે અને અણધારેલી વસ્તુ પણ મળી જાય છે. માટે એવું અજ્ઞાનાચરણ તો ન કરવું. તોપણ આ કામી મનુષ્યથી મારા શીલનું રક્ષણ થાય એવો ઉપાય કરવો ઘટે છે. જો બની શકે તો આ દુઃખમય પ્રસંગ સામપ્રકૃતિથી નિર્ગમન કરૂં. એમ વિચારી તે સુલોચન પ્રત્યે કહેવા લાગી–'હે સુભગ! સમુદ્રનો પાર પામ્યા પછી નિશ્ચયે હું તારૂં સમયોચિત હિત કરીશ.' એ સાંભળી તે સ્વસ્થ થયો અને પોતાનો કાળ આશામાં નિર્ગમન કરવા લાગ્યો. આશાલુબ્ધ મનુષ્ય સો વરસ સુધી વિલંબમાં રહે છે.

એવા વખતમાં **સુલોચન** શ્રેષ્ઠીએ કરેલા દુર્નયથી ક્રોધ પામેલ હોય તેમ વાયુએ તે વહાણના શતખંડ કર્યા. સુંદરીને સમ્યકત્વની જેમ ફલક પ્રાપ્ત થયું જેના યોગે ભવની જેવો ભીમ સમુદ્ર લીલા માત્રમાં ઉલ્લંઘન કર્યો. પુણ્યયોગે સુધર્મ તે પણ સમુદ્રમાં પડયા પછી ફલક પ્રાપ્ત થયું હતું તેના યોગથી જે તટે તે નીકળ્યો. હતો તેજ તટે સુંદરી પણ નીકળી. પુણ્યયોગે બંને મળ્યા. બંનેજણા અત્યંત સંતોષ પામ્યા. જાણે અમૃતથી સીંચાયેલા હોય તેવો હર્ષ પામતા તેઓએ એક બીજાનો વૃત્તાંત પુછયો અને કહયો. સુલોચન શ્રેષ્ઠીને આપત્તિ પડી એમ જાણી ધર્મ શ્રેષ્ઠી મનમાં ખેદ પામ્યો. અહો જુઓ તેની કૃપાળુતા! કેવી તેની ઉમદા મનોવૃત્તિ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપકાર કરનારના દુઃખને માટે પણ મનમાં લાગી આવ્યું ! પ્રાયે સંત. જનો અપકારી ઉપર પણ ઉપકાર કરનારા હોય છે.

પુનઃ ઋદ્ધિસુંદરી બોલી-પ્રિયે! ધન્ય છે અરિહંત અને ગણધરોને કે જેઓની સમીપે રહેલા જીવો અશુભ ભાવનાને તજે છે. આપણી સમીપે રહેનાર તે સુલોચન શ્રેષ્ટીનું ધર્મસાધનતો દૂર રહ્યું પણ ઉલટા પાપ પરિણામ અધિક થયા. જીવોની કર્મ પરિણતીજ વિચિત્ર છે. જે કર્મ પરિણતીના યોગે નિરિચ્છાથી આપણને તીરદાન આપવાનો ઉપકાર કરનાર લોચનશ્રેષ્ટી જીવનસંદેહ તથા ધનહાનીને પ્રાપ્ત થયો.

એમ ભાવના ભાવતા તેઓને નિરૂપમ રૂપવાળા જોઈને ત્યાં આવેલ તટસ્થ ગ્રામનો અધિપતિ ચમત્કાર પામ્યો. મનમાં વિચારવા લાગ્યો કે– સૌમ્ય વદનવાળો અને મદન સદૃશ રૂપવાળો આ પુરૂષ પ્રિયાની સાથે કોઇ પણ સ્થળેથી અત્રે આવેલો જણાય છે. જાણે કોઈ દેવનો અવતાર હોય એવો તે જણાય છે. મારા દ્રવ્યને અનુસારે એ અભ્યાગત પુરૂષ રત્નનો ગૌરવ તથા ઊદ્ધાર કરૂં. એમ વિચારી તેને બહુ માનથી બોલાવી આનંદ સહિત પોતાને આવાસે લઈ ગયો. પોતાના દ્રવ્યવડે ઉપચાર કરી તેને સ્વસ્થ ચિત્તવાળા બનાવ્યા અને સારી રીતે સત્કાર કર્યો. ત્યાં તેઓ સુખમાં દિવસ નિર્ગમન કરવા લાગ્યા.

હવે વહાણ ભાગ્યા પાછી લોચનશ્રેષ્ટીને આ પાપી છે એમ ધારી જાણે સમુદ્રે ફેંકી દીધો હોય તેમ કાંઈક કાષ્ટ હાથ આવ્યું મત્સોએ તેનું શરીર વિદારી નાખ્યું હતું તેથી મહા કષ્ટ પામતો તે શ્રેષ્ઠી પેલા કાષ્ટના યોગે સમુદ્રના તટે નીકળ્યો. આમતેમ ભમતાં કોઈ પલ્લીમાં ગયો. પણ ત્યાં અન્ન ન મળવાથી ક્ષુધિત થયેલો તે માંસ લુબ્ધ થયો. ભૂખ્યો માણસ શું ખાવાની ઈચ્છા ન કરે?

તે માંસના અજીર્ણથી તેના શરીરમાં વિકાર થયો. અત્યંત કષ્ટ ઉત્પન્ન કરનાર કોઢ નીકળ્યો. ધર્મઘાત કરીને જે માણસ મનોરથની સિદ્ધિ ઈચ્છેછે તે એવો દુઃખી થાય છે. જૂઓ વિધિની રચના! જેણે પોતાની ઈચ્છા સફળ કરવાને અઘોર પાપ કરી આનંદ માન્યો તેના આ હાલ થયા અને શુદ્ધ હૃદયવાળા તે દંપતી સમુદ્રમાં પડયા છતાં પણ સુખને પ્રાપ્ત થયા.

અન્યદા દુઃખે રીબાતો લોચનશ્રેષ્ટી જળ માગવાને માટે જે આવાસમાં ધર્મશ્રેષ્ટી અને સુંદરી રહ્યા છે ત્યાં આવ્યો. સુંદરીએ રૂપથી તેને ઓળખ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનમાં દયા આવી—ઘરમાં જઇ પતિને ખબર આપ્યા. તેણે પણ તરતજ બહાર નીકળી માનપૂર્વક તેને બોલાવ્યો અને કહ્યું કે—જગતના મનુષ્યને માર્ગના વૃક્ષની જેમ સુખ છાંયાને આપનાર તારી આવી અવસ્થા કેમ થઈ? અથવા વિપત્તિતો મહાંત જનોનેજ હોય પણ લઘુને ન હોય. જેમ રાહુ ગ્રહણ સૂર્ય અને ચંદ્રનેજ થાય છે પણ નક્ષત્ર અને તારાગણને નથી થતું માટે હે સખે! ખેદ ન કરવો મનમાં ધીરજ ધર. ઘણું દ્રવ્ય ખરચીને પણ હું તારો દેહ નિરોગી કરીશ. એવી રીતે આશ્વાસન આપીને તે ધર્મશ્રેષ્ટીએ નાના પ્રકારના ઉપાય અને ઔષધાદિકથી તેનો એવી રીતે ઉપચાર કર્યો કે જેથી રોગની શાંતી થઈ. આહા! કેવી તેની સૌજન્યતા!

તે દંપતીનું એવું અસામાન્ય સૌજન્ય જોઈને લોચનશેઠ લજ્જા પામ્યો મનમાં વિચારવા લાગ્યો કે—વિધાતાએ સજ્જન અને ચંદનને પરોપકારને માટેજ ઉત્પન્ન કર્યા છે. કારણ કે તેઓ પીડા કરનારના સંતાપને પણ ટાળનારા હોય છે. મેં પાપીએ નિર્દય થઈને એની સામે દુષ્ટ વ્યવસાય કર્યો અને એઓ દુષ્ટ એવો જે હું તેની સાથે આવા વિનયથી વર્ત્યા અને રૂડા પ્રકારે સેવા કરી. આ કરતાતો હું સમુદ્રમાં મૃત્યુ પામ્યો હોત તોજ રૂડું થાત. અથવા જીવતો છતો પણ આમની દ્રષ્ટિએ ન પડયો હોતતો સારૂં થાત. એમ લજ્જાથી વ્યાકુલ અંતઃકરણવાળો તે નીચું મુખ કરી બેઠો છે તેવામાં ધર્મવંત સુધર્મે શિષ્ટ ગિરાથી તેને પુછ્યું—હે સખે! કુટુંબના વિરહથી, ધનના નાશથી, વ્યાધીના સંભવથી અથવા બીજા એવા શું કારણથી તારા મનમાં દુઃખ થાય છે. હું સહાયકારીછું તો તને કુટુંબનો મેલાપ થશે, ધનની પ્રાપ્તિ થશે અને વ્યાધિનો નાશ થશે. જેમ તારૂં મન સંતોષ પામશે તેમ કરીશ. ગ્રીષ્મઋતુને વિષે શોષાઈ ગયેલ સરોવર અને નદીઓ વરસાદથી ભરાયછેજ માટે કોઈ વખત કષ્ટ આવી પડે તો તેથી મુંઝાવું નહિ, પોતાના કરેલા દુષ્કૃત્યથી દુઃખ પ્રાપ્ત થાયછે અને સુકૃત્યથી સુખ પ્રાપ્ત થાય છે તો તેને વિષે જરાપણ ખેદ કે આનંદ ન કરવો. સુખના અર્થી મનુષ્યોએ તો નિરંતર ધર્મનું સેવન કરવું અને અનંત જન્મમાં દુઃખનું કારણ એવા પાપને પરિહરવું.

તેવારે સુલોચને કહ્યું—મિત્ર! તારી સૌજન્યતા, તારી વાત્સલ્યતા અને તારૂં પરોપકારીપણુંતો અવર્ણ્ય છે. પરંતુ મેં પાપીએ તને સમુદ્રમાં ફેંકી દીધો હતો એ મારા હૃદયમાં શલ્યની જેમ ખટકે છે. એ પાપ બળતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાકડાની જેમ મારા મનને નિરંતર બાળ્યાં કરે છે. વળી મેં પાપીએ આ મહાસતીની ઉપર દુષ્ટ નજર કરી તેને સંતાપ પમાડયો તેનું ફળ તો મને આ જન્મમાંજ પ્રાપ્ત થયું. એવા પાપ કાર્ય કરનાર જે હું તેને પ્રેતપતિએ પણ ન આદર આપ્યો પરંતુ હે મિત્ર! તેં આદર આપીને મારી જે ઉપચર્યા કરી છે તેનું વર્ણન થઈ શકે તેવું નથી. એ સાંભરવાથી એક તરફ મારા મનમાં આનંદ થાય છે અને બીજી તરફ પશ્ચાત્તાપરૂપ અગ્નિ વધારે પ્રજ્વલિત થાય છે.

એ પ્રમાણે વાત કરે છે તેવામાં ઋદ્ધિસુંદરી બોલી–તમે ધન્યછો કે પાપ કાર્યને માટે પશ્ચાતાપ કરોછો. કારણ કે પાપી પુરૂષો પાપ કરીનેજ સંતોષ પામેછે. સંત પુરૂષો કદી પાપ કરતાજ નથી અને કરેછેતો તેને માટે અત્યંત પશ્ચાતાપ કરેછે. અથવા એમાં તમારો દોષ નહોતો. એ સર્વે અજ્ઞતાનીજ ચેષ્ટા હતી, આંધળો માણુસ કૂવામાં પડે તેમાં કોને ઉપાલંભ દેવો માટે હે સત્પુરૂષ હવે એ અજ્ઞાન તજીદો, ઈંદ્રિયોને સંવરો, વિષની જેમ વિષય સમુહને હરો, હિતને આચરો અને અહિતનો ત્યાગ કરો. મહા વિષ ખાવું સારૂં, અગ્નિને વિષે પ્રવેશ કરવો સારો પણ ઈંદ્રિયોથી આકર્ષાઇ દુષ્કૃત્ય કરવા સારા નથી. માતંગ, મીન. ભ્રમર, પતંગ અને મૃગ એ સર્વે એક એક ઈંદ્રિયના દોષથી વધ બંધનને પામે છે તો પાંચે ઇદ્રિયો એકત્ર થઈને જ્યાં પોતાનો દોર ચલાવે તે માણુસ મૃત્યુ કેમ ન પામે. મૃગ તૃષ્ના સરખા વિષાને જોઇને જીવ મૃગની જેમ દોડે છે અને તે ન પ્રાપ્ત થવાથી મૃત્યુ પામે છે. માટે જેમ બને તેમ ઇંદ્રિયોને કબજામાં રાખવી પણ પોતે તેને આધીન થઈ પાપકારી કાર્ય ન આચરવા.

એવા તેના ઉપદેશથી જેના અંતઃકરણુમાં જ્ઞાન સ્ફુરિત થયું છે એવો તે સુલોચનશેઠ બોલ્યો–હે સુંદરી! તું મારી બેન છો, તું મારી માતા છો, તું મારી ધર્માચાર્ય છો, માટે નિરંતર તારી આજ્ઞા પ્રમાણે વર્તિશ.

પછી ઘણા દિવસ તેઓ ત્યાં એકત્ર રહ્યા પછી સોચનશ્રેષ્ટી પોતાનો અપરાધ વારંવાર ક્ષમાવીને પોતાના નગર તરફ ગયો અને સુધર્મશ્રેષ્ટી ન્યાયપૂર્વક અગણિત દ્રવ્ય ઉપાર્જન કરી પ્રિયા સહિત તામલિપ્તિ નગરીએ ગયો. ત્યાં ચિરકાળ પર્યંત કુળાચાર પ્રમાણે તેઓએ આચરણ કર્યું અને સર્વસ્થળે પોતના સૌજન્યતાની ધ્વજા ફરકાવી.

એવી રીતે મહા કષ્ટમાં આવ્યા છતાં પણ ઋદ્ધિસુંદરીએ પોતાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિયળ સાચવ્યુ, દૂઃખના વખતમાં ધૈર્ય ધારણ કર્યુ, નિરંતર ધર્મનુ સેવન કર્યુ અને એ દંપતિએ પોતાની ઉપર અપકાર કરનાર લોચનશ્રેષ્ઠી ઉપર ઉપકાર કરી તેની અનેક પ્રકારે શુશ્રુષા કરી ધર્મ પ્રાપ્ત કર્યો. અન્ય જનોએ પણ તેવીજ રીતે આચરણ કરવું જેથી કલ્યાણનાં ભાજન થવાય.

અનુ શ્રી.

श्रीविक्रमकविविरचितं.

# नेमिदूतम्.

( समश्लोकी भाषांतर युक्त. )

( અનુસંધાન પુ. ૭ માના પાને ૧૯૦ થી. )

तस्मिन्नुद्यन्मनसिजरसाः प्रांशु शाखावनाम
व्याजादाविष्कृत कुचवली नाभिकाञ्चीकलापाः ।
संधास्यन्ते त्वयि मृगदृशस्तान्विचित्रान्विलासा
स्त्रीणामाद्यं प्रणयवचनं विभ्रमो हि प्रियेषु. ॥ ३० ॥

ત્યાં બાળાઓ મદન રસથી ઊંચી શાખા નમાવે,
તેનાં મિષે નિજ કુચવળી નાભિ કાંચી બતાવે;
તે તે સર્વે વિવિધ તમમાં જોડશે સદ્વિલાસા,
સ્ત્રીને પ્હેલું પ્રણયવચ જે વિભ્રમ પ્રિય પાસ. ૩૦

त्वां याचे हं न नयविदुषां कापि कार्ये विलंबो
गंतव्या ते सपदि नगरी स्वा यतः सा त्वदम्बा ।
मुक्ताहारा सजलनयना त्वद्वियोगार्त्तिदीना

---

૩૦ તે ક્રીડા પર્વતમાં મૃગાક્ષીઓ, કામદેવનો રસ ઊત્પન્ન થવાથી વૃક્ષોની ઊંચી શાખાને નમાવવાના મિષથી પોતાનાં સ્તન, ત્રિવળી, નાભિ અને કટીમેખળાના કળાપને પ્રગટ કરી વિવિધ જાતના વિલાસો તમારામાં જોડી દેશે. કારણ કે પોતાનાં પ્રિય તરફ જે વિલાસ બતાવવો તે સ્ત્રીઓનું પ્રથમ પ્રણય વચન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**कार्श्यं येन त्यजति विधिना स त्वयैवोपपाद्यः ॥३१॥**

હું યાચું જે ન નયવિદને થાય કાર્યે વિલંબ,
જાવું વેગે નિજનગરીમાં આપને જ્યાં ત્વદંબ:
ખાવું છોડી સજલ નયના ત્વદ્વિયોગીર્ત્તિ દીન,
છોડે જેવા વિધિથી કૃશતા તે કરો આપ જિન. ૩૧

**तस्या धस्ता द्विषम पुलिनां स्वर्ण रेखामतीतो**
**मार्गे दृष्ट्वा पुरमनुपमां तां भवा न्वामनस्य ।**
**भुक्त्वा लोकोपचय मवनिं नाकिना मागतानां**
**शेषैः पुण्यै र्हृतमिव दिवः कांतिमत्खण्डमेकम्. ॥ ३२ ॥**

તેની નીચે વિષમપુલિના સ્વર્ણરેખા નદીને,
ઓળંગી વામન તણી તમે દેખશો સત્પુરીને;
ભૂમિ આવ્યા જન ઉપચયો ભોગવી દેવવૃંદ,
જાણે તેનાં સુકૃતથી હર્યો સ્વર્ગનો એક ખંડ. ૩૨

**यस्यां सांद्रोऽनुपमचलितो वेश्मसु स्वेच्छयैवम्**
**मुष्ण न्नङ्गात्सुरत लुलिता दुज्जयन्तीं विगाह्य ।**
**स्वेदं तीरे विदलितपुटः सेवते वारनारीं**
**विप्रावातः प्रियतम इव प्रार्थना चाटुकारः ॥ ३३ ॥**

---

૩૧ તમને હું યાચના કરૂં છું. કે નીતિજ્ઞ માણસો કોઈ કાર્યમાં વિલંબ કરતા નથી. તેથી તમારે તત્કાળ પોતાની નગરીમાં જવું અને જ્યાં આહાર છોડી તમારા વિયોગની પીડાથી દીન થઈ સજળ નેત્રે રહેલા તમારી માતા જે ઉપાયથી કૃશતાને છોડી દે તે ઉપાય તમારે કરવો.

૩૨ તેની નીચે વિષમ કાંઠાવાળી સ્વર્ણરેખા નદીને ઓળંગી માર્ગમાં તમે વામનજીની તે અનુપમ પુરીને દેખશો. તે નગરી લોકોના ઉપચય (વૃદ્ધિ)ને ભોગવી પૃથ્વી ઉપર આવેલા દેવતાઓનાં બાકીના પુણ્યોએ હરણ કરેલો જાણે સ્વર્ગનો એક કાંતિવાન્ ખંડ હોય તેમ રહેલી છે.

૩૩ જે નગરીમાં ઉજ્જયન્તમાં પેશી કાંઠાના પત્રપુટને વિદળિત કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં ધારો થૈ અનુપમ ફરી ઊજણે મંદિરોમાં,
સંભોગેથી લુલિત વપુનો સ્વેદ ચોરે સ્પૃહામાં;
તીરે પત્રો નિદળિત કરે સેવતો વાર નાર્ય,
સિપ્રા વાયુ પ્રિય તમ પઠે પ્રાર્થના ચાટુકાર. ૩૩

**यत्र स्तंभान्मरकतमया न्देहली विद्रुमाणां**
**प्रासादाग्रं विविधमणिभि र्निर्मितं वासवेन ।**
**भूमिं मुक्ता प्रकर रचितां हास्तिकं चापि दृष्ट्वा**
**संलक्ष्यंते सलिलनिधयस्तोयमात्रावशेषाः ॥ ३४ ॥**

જ્યાં સ્તંભો છે મરકત તણાં ઊંબરા વિદ્રુમોના,
પ્રાસાદાગ્રો વિવિધ મણિથી જ્યાં રચેલા હરિના;
ભૂમિ મુક્તાફળ થકી રચી હસ્તિઓનાં સમૂહ,
દેખી લાગે જલનિધિ બધા નીરમાત્રા વશેષ. ૩૪

**अत्रात्युग्रैः किल मुनिवरो वामनः प्राक्तपोभि**
**र्लब्ध्वा सिद्धिं निखिल भुवन व्यापिना विग्रहेण ।**
**ईशं वामं भुजगसदने प्रापय दानवाना**
**मित्या गन्तून्रमयति जनो यत्र बन्धू नभिज्ञः ॥ ३५ ॥**

પૂર્વે આંહી મુનિવર અતિ વામન પ્રાક્તપેથી,
સિદ્ધિ પામી સકળભુવને વ્યાપતા વિગ્રહેથી;
રાખ્યો જેણે ભુજગસદને દાનવોનાં પતિને,
એ રીતે જ્યાં જન ખુશિ કરે આવતા બાંધવોને. ૩૫

---

અનુપમ ગતિએ મંદિરોમાં સ્વેચ્છાથી ફરતો સિપ્રા નદીનો પવન; સંભોગથી ખિન્ન થયેલા શરીરમાંથી પસીનો હરી પ્રાર્થના કરવામાં ખુશામત કરનાર પ્રિયતમની પેઠે વારાંગનાને સેવે છે.

૩૪ જ્યાં મરકત મણિના રચેલા સ્તંભને, પ્રવાળાના ઊંબરાને, ઇંદ્રે વિવિધ મણિઓથી બનાવેલા મેહેલોના અગ્રભાગને મુક્તાફળોના જથ્થાએ રચેલી ભૂમિને અને હાથીઓના સમૂહને જોઇને સમુદ્રો ફક્ત જળમાત્રથી અવશેષ રહેલા જણાય છે.

૩૫ આ ઠેકાણે પૂર્વે અતિ ઊગ્રતપથી વામન મુનિએ સિદ્ધિ મેળવી ભુવનમાં વ્યાપેલા પોતાના દેહથી દાનવોના પતિ (બળિ) ને સર્પના ગૃહરૂપ પાતાળમાં પમાડેલો હતો આવી રીતે જ્યાં જાણે તો માણુસ પોતાને ઘેર આવેલા અતિથિ બંધુઓને રમાડી ખુશી કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગ્રાહકોને અગત્યની સૂચના.

લવાજમ વિગેરેની ટીકીટોવાળા કાગળો હાલમાં ગેરવલ્લે જાય છે તેથી ટીકીટો મોકલવી નહીં. અને મોકલવી તો પોતાને જોખમે મોકલવી.

---

## वर्तमानसमाचार.

હુંશિયારપુરમાં પ્રતિષ્ઠા---શ્રી પંજાબ દેશમાં હુંશિયારપુર નામે ગામ છે ત્યાંના નિવાસી ભાવડા અર્થાત્ ઓસવાળ જ્ઞાતિના લાલા ગુજરમલ મેહરચંદ શ્રીમન્ મુનીરાજ મહારાજ શ્રી આત્મારામજી (આનંદ વિજયજી) ના ઉપદેશથી ઢુંઢકપણું છોડી શ્રાવક થયેલા છે. તેમણે એક ઘણું સુંદર દેરાસર સુમારે પોણો લાખ રૂપીઆ ખરચીને બંધાવેલું છે. તેના શિખર ઉપર તથા કળસ ઉપર એટલું બધુ તો સોનું ચડાવેલું છે કે તેઆખા શેહેરને સુસોભિત કરે છે અને દેરાસર ઘણું ઊંચું બાંધેલ હોવાથી ઘણે દૂરથી દેખાવ આપે છે. તે દેરાસરમાં શ્રીવાસુપુજ્યજી મૂળનાયકજીની પ્રતિષ્ટા ગયા માહ સુદી ૫ મે થઇ છે. તે પ્રસંગ ઉપર સુમારે ૯૦ ગામના શ્રાવકોનું આવાગમન થયું હતું અને વરઘોડામાં સુમારે ૫૦૦૦૦ માણસોનો મેળાવડો થયો હતો. તેની દેખરેખ રાખવાને માટે અધિકારીઓ તરફથી પોલીસ વિગેરેનો બંદોબસ્ત પણ બહુ સારો હતો. પ્રતિષ્ટાના પ્રસંગમાં દેરાસરજીમાં ઘી વિગેરેના ચડાવાના ઉપજ સુમારે રૂ૧૨૦૦૦ ની થઈ છે. મહારાજશ્રીના વિહારથી આવા આવા સુભ પ્રસંગો નિરંતર બન્યાજ કરે છે.

દીવમાં પ્રતિષ્ટા---ગયા ફાલ્ગુન માસમાં શ્રી દીવમાં એક દેરાસરજીમાં પ્રતિષ્ટા થઈ છે. તે પ્રસંગે ઢુંઢીયા તથા લોંકાઓએ પણ પોતાનો દુરાગ્રહ છોડીને એ શુભ કાર્યમાં ભાગ લીધો છે અને તેઓની અંદરથી પણ દેવ દ્રવ્યની વૃદ્ધિ સારી થઈ છે. આત્માનું હિત ઈચ્છનારાઓનું એજ કર્તવ્ય છે કે સત્યકાર્યમાં સામેલ થવું.

For Private And Personal Use Only